## ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટોગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેકટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર ડાંગ જિલ્લાની રહીશ **કાવ્યા પટેલ**ની છે એ બેચલર ઓફ ડેન્ટલ સર્જરી (BDS)નો અભ્યાસ કરે છે. કાવ્યાને ટ્રાવેલિંગ અને નવી નવી વાનગીઓ ખાવાનો શોખ છે. ફુરસદના સમયે એમને બેડમિન્ટના રમવાનું ગમે છે. કાવ્યા નેચરલવર છે.



# પ્રિય સન્નારી



કેમ છો?

આદત પ્રમાણે કદાચ ‘મજામાં’ એમ કહી પણ દેવાય પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે એકેએક વ્યક્તિ હવે આ અસહ્ય ગરમીથી ત્રાસી ગઈ છે. ખરું ને? તમને નથી લાગતું કે હવે કુદરતનો વોર્નિંગ બેલ વાગી ગયો છે? હવે આપણે જાગીશું નહીં તો ક્યારે જાગીશું?

ગરમીનો પારો સતત વધતો જાય છે. કેટલાંક શહેરોમાં તાપમાન ૪૮ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. દુનિયાના સૌથી ગરમ ૧૦૦ શહેરોની યાદીમાં ભારતનાં ૯૭ શહેરોનો સમાવેશ થાય છે. તમે જો એમ વિચારતાં હો કે AC કે પંખા ચલાવીને આપણું કામ તો થઈ જાય છે ને... તો આવું વિચારવું ખોટું છે. આવી સ્વાર્થી વિચારસરણી અને બિનજવાબદારીને કારણે જ આપણે આજે આ ગંભીર પરિસ્થિતિમાં આવી ગયા છીએ. આ વર્ષે તાપમાન ૪૮ -૪૯ ડિગ્રી સુધી ગયું છે તો કદાચ આવતાં વર્ષોમાં તે ચોક્કસ ૫૦ - ૫૫ ડિગ્રી સુધી પહોંચી જશે અને આમ જ પૃથ્વી પરના વાતાવરણનું તાપમાન સતત દર વર્ષે વધતું જશે. વિચારી જુઓ, શું આટલા ઊંચા તાપમાન પર જીવવું શક્ય છે? ક્યાં સુધી કુદરત સાથે આપણે ચેડા કરતા રહીશું? તેમાંય વળી અસહ્ય ગરમી પછી વાવાઝોડા અને માવઠાં આવવાં એ વાત સ્પષ્ટ કરે છે કે આ નોર્મલ પરિસ્થિતિ નથી. શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણનો વિકાસ કરવા માટે વૃક્ષોનો છેદ ઉડાડતા જઈએ છીએ. જે વૃક્ષો આપણા પર્યાવરણની જીવાદોરી છે તેને જ આપણે આપણા હાથે કાપી રહ્યાં છીએ. આ તો એવી વાત થઈ કે આપણે જે ડાળ પર બેઠા હોઈએ તે જ ડાળ આપણે કાપીએ છીએ. તો માનવી જેટલું મૂર્ખ કોણ હોય શકે? ઉત્તર પ્રદેશમાં આવેલા વાવાઝોડા અને પૂર, હિમાચલ પ્રદેશમાં વારંવાર થતી વાદળ ફાટવાની અને ભૂસ્ખલનની ઘટના, યુ એસમાં હાડ થીજાવે તેવું બરફનું તોફાન, જાપાનમાં આવેલો ભૂકંપ- આ બધી ઘટનાઓ એક જ પરિસ્થિતિ તરફ ઈશારો કરી રહી છે અને તે છે ‘ગ્લોબલ વોર્મિંગ’.



ગ્લોબલ વોર્મિંગ વિષે આપણે ઘણા સમયથી જાણીએ છીએ, તેના વિષે ચર્ચા કરીએ છીએ પરંતુ ખરેખર જે નક્કર પગલાં લેવાં જોઈએ તે લેવામાં કચાશ રહી ગઈ છે. કદાચ, આપણે ગ્લોબલ વોર્મિંગને ગંભીરતાથી હજી સુધી લીધું જ નથી. પર્યાવરણને લગતા આપણા દેશમાં અત્યાર સુધી ઘણા નિયમો બન્યા છે. જેમ કે, વન ટાઈમ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરવો, વાહનો પોલ્યુશન અંડર કંટ્રોલ રાખવા, કચરો વર્ગીકૃત કરીને આપવો, વગેરે. છતાં આપણે આમાંના કેટલા નિયમોનો ચુસ્તપણે અમલ કરીએ છીએ? આ ઉપરાંત, વધારેમાં વધારે વૃક્ષોની વાવણી કરવી, નદી-તળાવના પાણી સ્વચ્છ રાખવાં, બને તેટલા ઓછા ફટાકડા ફોડવા, રસ્તા પર ગમે ત્યાં કચરો ન નાખવો જેવાં કાર્યો કરવાં એ આપણી જવાબદારી છે અને હવે આપણી જરૂરિયાત પણ છે. છતાં, જવાબદારીના નામે, નક્કર પગલાં લેવાના નામે મીંડું જ છે. નથી પ્રજાને કંઈ પડેલી કે નથી જેતે વિભાગના કોઈ અધિકારીને કંઈ પડેલી. દરેક વ્યક્તિ પોતપોતાનો ફક્ત સ્વાર્થ જુએ છે, પોતાની રોટલી શેકે છે અને બસ, આગળ વધી જાય છે. જો સરકારે નિયમ બનાવ્યો હોય તો તેનો કડકપણે અમલ કરાવવાનું કામ જેતે વિભાગના અધિકારીઓનું છે. આટલું ઓછું હોય તેમ આવી અસહ્ય ગરમીમાં કયારેક કયારેક પીવાનું પાણી લોકોને પ્રદૂષિત મળે છે. આટલી ગરમીમાં જો પાણી પણ કેમિકલયુક્ત મળે તો માણસ કેવી રીતે ટકી શકે?

પૃથ્વી પર જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીનનું પ્રદૂષણ જાણે ઓછું હોય તેમ વિશ્વના નેતાઓએ ત્રીજા વિશ્વ યુદ્ધનો શંખનાદ કરીને ગ્લોબલ વોર્મિંગમાં વધારો કરવાનું કામ કર્યું છે. એક બાજુ, આપણે બાળકોને ફટાકડા ઓછા ફોડવાનું સમજાવીએ છીએ તો બીજી બાજુ વિશ્વના નેતાઓએ સીમા પાર યુદ્ધ શરૂ કરીને પૃથ્વીના વાતાવરણને અતિશય ગરમ કરી દીધું છે. જેના કારણે આ વર્ષે આપણને ઉનાળામાં અસહ્ય ગરમી સહન કરવી પડી છે. દુનિયામાં બુદ્ધિશાળી લોકો પૈસા કમાવા પાછળ પડ્યા છે, રાજકારણીઓ રાજકારણ કરવામાં વ્યસ્ત છે અને કોમન મેન પોતાની કોમન સમસ્યાઓથી ઘેરાયેલો છે. કુદરત વિષે વિચારવાની, તેનું જતન કરવાની કોઈને પડી નથી કે નથી કોઈને એટલી ફુરસદ પરંતુ જયારે કુદરતની લાઠી ચાલશે ત્યારે તે કોઈની સામે જોતી નથી. તેની સામે બધા એક સમાન છે. કુદરતની સામે આપણી હોંશિયારી કે આપણું સંગ્રહેલું ધન કશું કામ લાગતું નથી.

ખરેખર તો, હવે એવો સમય આવી ગયો છે જ્યારે બધા દેશોએ, સમગ્ર માનવજાતે એક થઈને કુદરતી સંસાધનોનું જતન કરવાની જરૂર છે, દુનિયાને ગ્લોબલ વોર્મિંગની ખીણમાં પડતાં બચાવવાની જરૂર છે. આ સમય પોતાનું પ્રભુત્વ સ્થાપવાનો, પોતાની મનમાની કરવાનો, સ્વાર્થ જોવાનો કે યુદ્ધ કરવાનો નથી. જો દુનિયામાં કુદરતી સંસાધનો જ બચશે નહિ, ગ્લોબલ વોર્મિંગને કારણે અસહ્ય વાતાવરણ અને અનિશ્ચિત મોસમ થઈ જશે, પ્રદૂષણને કારણે પીવાલાયક પાણી અને શ્વાસ લેવા માટે જો ઓક્સિજન જ પૃથ્વી પર બચશે નહીં તો યુધ્ધ કરીને ક્યાં જઈશું? પૃથ્વીને આપણે જીવવાલાયક રાખવાની છે. ત્યારે જ આપણી ભાવિ પેઢી આ પૃથ્વી પર ટકી શકશે. અત્યારે જયારે આપણા માટે ગરમી અસહ્ય છે તો વિચાર કરી જુઓ, આવી ને આવી જ પરિસ્થિતિ રહેશે તો ભવિષ્યમાં પર્યાવરણની શી હાલત હશે? જો વૃક્ષો જ ના રહે તો આપણે શ્વાસ લેવા માટે ઓક્સિજન ક્યાંથી લાવીશું? વળી, પાણી અને જમીન પ્રદૂષણ આપણને ભૂખ્યા અને તરસ્યા રહેવા પર મજબૂર કરી દેશે.

આ વર્ષની ગરમી ખરેખર, કુદરત તરફથી વોર્નિંગ બેલ સમાન છે, જે કહે છે કે હજી પણ જો સુધારશો નહિ, યુધ્ધના ધોરણે પગલાં લેશો નહીં, કુદરતનું જતન કરશો નહિ તો કુદરતના આકરા પ્રહારો સહન કરવા માટે આપણે સૌએ તૈયાર રહેવું પડશે. મિત્રો, ૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ છે. તેને ફકત કહેવા ખાતર જ નહીં, ફક્ત સેલ્ફી કે ફોટા પડાવવા ખાતર જ ઉજવશો નહિ. તેને ખરા દિલથી નક્કર પગલાં લઈને ઉજવવાની જરૂર છે. આપણામાંથી દરેક વ્યક્તિ જો બે-બે વૃક્ષ પણ વાવે, તેનું જતન કરે તો કદાચ વિશ્વના વાતાવરણમાં કંઈક પરિવર્તન લાવી શકાય. પૂરેપૂરી ગંભીરતાથી, પૂરી જવાબદારીથી આ દિશામાં દરેક માનવીએ પગલાં લેવાની જરૂર છે. વૃક્ષારોપણ સિવાય પર્યાવરણને લગતાં જે જે નિયમો સરકારે બનાવ્યા છે, જે જે કાર્યો આપણે તેના જતન માટે કરી શકીએ છીએ તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. આ ફક્ત એક માનવી કે અમુક વર્ગ કે અમુક દેશનું કામ નથી. આ સમગ્ર માનવજાત માટેનું કાર્ય છે. તેના ભવિષ્યનો સવાલ છે. વૃક્ષોનું જતન, પર્યાવરણનું જતન કરીને જ આપણે ગ્લોબલ વોર્મિંગના કાળીય નાગનું દમન કરી શકીશું. મિત્રો, હવે સમય ફક્ત પ્રણ લેવાનો રહ્યો નથી, ઊભા થઈને કાર્ય કરવાનો સમય આવી ગયો છે. તો ચાલો, આપણે સૌ તેમાં જોડાઈએ.



- સંપાદક